અપીલ અરજી નં.૧૭૬ તા.૨૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સારથી,ટી.પી.૬૪ મગોબ–ડુંભાલ,(૨) લેન્ડ માર્ક એમ્પાયર,વિશ્વકર્મા મંદિર સામે,સુ.મ.ન.પા.ના વેલકમ ગેટ પાસે,કડોદરા રોડ,(૩)ભારત કેન્સર હોસ્પિટલની પાછળ, ભવ્ય ઈમારતોનું બાંધકામ,(૪)ટાટા મોટર્સની બાજુમાં, શુભમ હાઈટ(બિલ્ડીંગ) સામે,(૫) તેમજ ટાટા શો–રૂમ ધ્વારા બહાર શેડ બનાવી માર્જીનની જગ્યા ઉપયોગમાં લેવામાં આવી રહી છે, તેની પરવાનગી અને દબાણ હટાવ વિભાગ ધ્વારા આજ સુધીની જે તે થયેલ કાર્યવાહીની માહિતી. ઉપરોકત તમામ બાંધકામોજે હાલમાં ચાલું હોઈ,આ અંગેની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ,પાર્કીગ,રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા, અને ખરેખર છોડવામાં આવેલી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી અને જો આ બાબતે કોઈ પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓનાં નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૬/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સારથી,ટી.પી.૬૪ મગોબ–ડુંભાલ ,(૨) લેન્ડ માર્ક એમ્પાયર,વિશ્વકર્મા મંદિર સામે,સુ.મ.ન.પા.ના વેલકમ ગેટ પાસે,કડોદરા રોડ,(૩)ભારત કેન્સર હોસ્પિટલની પાછળ, ભવ્ય ઈમારતોનું બાંધકામ,(૪)ટાટા મોટર્સની બાજુમાં, શુભમ હાઈટ(બિલ્ડીંગ) સામે,(૫) તેમજ ટાટા શો–રૂમ ધ્વારા બહાર શેડ બનાવી માર્જીનની જગ્યા ઉપયોગમાં લેવામાં આવી રહી છે, તેની પરવાનગી અને દબાણ હટાવ વિભાગ ધ્વારા આજ સુધીની જે તે થયેલ કાર્યવાહીની માહિતી. ઉપરોકત તમામ બાંધકામો જે હાલમાં ચાલું હોઈ,આ અંગેની પરવાનગી,કાયદેસરતા,માળ,ક્ષેત્રફળ,પાર્કીગ,રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા, અને ખરેખર છોડવામાં આવેલી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી અને જો આ બાબતે કોઈ પરવાનગી ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીઓનાં નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ./૧૪૧ તા. ૧૧/૭/૧૧તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ / ૧૧૦૦ તા.૭/૭/૧૧ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૭ તા. ૨૯–૭–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને તેમની નારાજગી માટે દાવાના સમર્થનમાં ઉપલબ્ધ આધાર રજુ કરવા સાથે જા.મા.એ. સૂચિત કરેલ વિગતે મનપાના દફતર અનુસાર મિલ્કતની ઓળખની વિગતો આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૧૫ તા.૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૧૫ તા.૧૯–૭–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૧૧૨૯ તા.૧૧–૭–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારનો તા.૩–૮–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૫ તા.૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૮૬૨ તા.૧૭–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૪૧ તા.૧૧–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદાર તરફથી આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૦૦ તા.૭–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમની પાંચ અરજીઓ પૈકીની કોમન પૂર્તતા કરેલ તા.૩–૮–૧૧ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/

આરટીઆઈ/ ૮૬૨ તા.૧૭–૬–૧૧ થી મધયસ્થ શહેર વિકાસ અધિકારીને અરજી તબદીલ કરવામાં આવેલ. તેમજ સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૧૧૨૯ તા.૧૧–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને વિલંબથી તબદીલ કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૩૧૫ તા.૧૯–૭–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪૧ તા.૧૧–૭–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માંગેલ માહિતી અન્વયે મુદ્દા નં.૧ થી ૫ બાબતે જણાવેલ છે કે મિલ્કતોના રેવન્યુ રેકર્ડ મુજબના નંબર તથા ટીપી સ્કીમમાં સમાવિષ્ટ હોય તો ઓ.પી અથવા એફ. પી. વિગેરે સંદર્ભથી મધ્યસ્થ શહેર વિકાસના પ્લાનો મંજુર થતા હોય ઉકત મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માટે મિલ્કત નંબર વિસ્તાર, ગામનું નામ વિગેરે વિગતો રજૂ કર્યેથી જવાબો/માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૦૦ તા.૭–૭–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૪ અને ૫ અંગે માંગવામાં આવેલી માહિતી સંલગ્ન મિલ્કત મોજે મગોબ રે.સ. નં.૧૮ બ્લોક નં.૧૪ સબ પ્લોટ નં.૮ અને ૯ વાળી મિલ્કતમાં સુડા/વિપઅ–યુ–૪/૧૦૫૮–અબ/ તા.૧૪–૦૯–૯૦ થી બાંધકામની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપવામાં આવેલ. સદર મિલ્કતમાં લીંબાયતઝોન ખાતે રીવાઈઝડ વિકાસ પરવાનગીની અરજી કાર્યવાહી હેઠળ છે જે આર્કી. લેવલે પેન્ડીંગ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કોઈ લોકેશન સ્પષ્ટ થતું નથી કે રે.સ. નંબરની જરૂર પડતી નથી તથા લીંબાયત ઝોન રીવાઈઝડ પ્લાન મંજુર થયેલ નથી છતાં બાંધકામ ચાલે છે તેની કાયદેસરતા બાબતેની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પાઠવેલ પૂરક પત્રમાં નારાજગીના દાવાના આધાર રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસે સૂચિત કરેલ વિગતે મિલ્કતોની ઓળખ અંગેની વિગતો આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરવા જણાવેલ. જે અંગે અરજદારે તેમના તા.૩–૮–૧૧ ના પૂરક પત્રમાં તેમની પાંચ અપીલો અંગે એક સરખો સ્થળ ઉપર રજાચિઠ્ઠીની ડીસ્પ્લે નથી તેમજ સર્વે નંબર લખેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ બાબત હેઠળની મિલ્કતના તમામના બાંધકામ ચાલુ હોવાનું અને તે અંગે રજાચિઠ્ઠી કે પ્લાન સાઈટ ઉપર ડીસ્પ્લે નહીં થયેલ હોવાનું શંકા રહિત પણે અપીલ તબકકે આધાર સહ પ્રતિપાદિત કરી શકેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીને સંદિગ્ધ માંગેલ માહિતી અંગે કોઈ મિલ્કત નંબર, વિસ્તાર, ગામ કે ટીપી નંબર, ઓ.પી., એફ.પી. કે રે.સ નંબર ની મિલ્કતની ઓળખ અંગે કોઈ વિગતો જણાવેલ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મિલ્કતના વર્ણન સંબધે તેમના પત્ર નં.ટીડીઓ/૨૫ તા.૮–૮–૧૧ થી અરજદારે કરેલ વર્ણન વિસ્તાર મુજબની મિલ્કતો/બિલ્ડીંગના નામે કોઈ પ્લાનો મંજુર કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારની જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવાનો સંપૂર્ણ પ્રયાસ કરેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ અને ૫ અંગે થયેલી કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે જે બાબતે અરજદારે અપીલ તબકકે રીવાઈઝડ પ્લાન મંજુર થયો નથી તો પણ બાંધકામ ચાલે છે તેની કાયદેસર બાબતે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અપીલ તબકકે અપીલનું કારણ બને નહીં.

આમ અરજદારને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૫ અરજદારની અરજીની સંદિગ્ધ માહિતી બાબતે મિલ્કતના વર્ણન સબંધે પૂરક વિગતોમાં અરજદારે કરેલ વર્ણન અને વિસ્તાર મુજબની મિલ્કતોના નામે કોઈ પ્લાનો મંજુર કરવામાં આવતા નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર સંદિગ્ધ મિલ્કતો બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને ચોકકસ મિલ્કત નંબરોની વિગતો સહિત માહિતી રજૂ કરી સ્પષ્ટતાસહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૪ અને ૫ અંગે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદાની અને નિયમોની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,